

APPENDIX C

# ઝાડા




આ રમા અને તેનો
૧ વર્ષનો દિકરો ગોવિંદ છે.
રમા પોતે સંડાસ ગયા
બાદ તેમજ ગોવિંદનો
મળ સાફ કર્યા પછી
હાથ ધોતી નથી,
મળમાં રહેલા
ઝાડાના જંતુઓ
રમાના નખમાં
ભરાઇ રહે છે.






APPENDIX C Contd.



આવા ગંદા હાથ માટલામાં બોળી
રમા ગોવિંદને પાણી પીવડાવે છે
અને ખવડાવે છે.




રમાના નખમાં ભરાયેલા
ઝાડાના જંતુઓ ખોરાક
અને પાણી સાથે ભળી
ગોવિંદના પેટમાં જાય છે.



* ગોવિંદને ઝાડા થાય છે.

APPENDIX C Contd.





APPENDIX C Contd



રમા માનેછે કે ઝાડા થયા
હોય ત્યારે બાળકનો
ખોરાક બંધ કરવાથી ઝાડા
મટી જાયછે. રમા ગોવિંદનો
ખોરાક બંધ કરે છે.
ખોરાક ન મળવાથી ગોવિંદ
સૂકાઇ જાય છે.
ગોવિંદ રોંઢિયો થઇ ગયો છે.

APPENDIX C Contd.





ગોવિંદના પેટ પરની ચામડી
થોડીવાર પકડીને છોડી
દેવાથી કરચલી પડે છે. અને
તેને મૂળ સ્થિતિ પર પાછા
આવતાં વાર લાગે છે.
ગોવિંદને પેશાબ ઓછો
થાય છે. પેશાબ ઘાટા પીળા
રંગનો થાય છે.
ગોવિંદના માથામાં ખાડો
પડી જાય છે. (ગળું પડે છે)

ગોવિંદ મૃત્યુ પામે છે.




APPENDIX C Contd.


**નાના બાળકને વારંવાર ઝાડા થાય તો બાળક સૂકાઇ જાય છે. તેને કાયમી માંદગી ઘર કરી જાય છે.**



**ઘરમાં બનતો બધો જ ખોરાક ખવડાવો.**



**ઝાડા થયા હોય ત્યારે તેને વારંવાર ખાંડમીઠાનું શરબત પીવડાવો.**




**બાળકને બે થી ત્રણ દિવસમાં ઝાડા અટકે નહિ તો ડૉક્ટરી સારવાર લેવી ખાસ જરૂરી છે.**

The Xavier Kelavani Mandal Ahmedabad

Conceived by Indu Mistry and Pallavi of Vikram A. Sarabhai Community Science Centre Ahmedabad ARCH Mangrol and Xavier Kelavani Mandal
Designed by "Public Interest Communications Group" Ahmedabad. Published by Gujarat Sahitya Prakash and Printed by Anand Press Anand 388 001

APPENDIX C Contd.







# ઝાડા થતાં અટકાવવા..











APPENDIX C Contd.







* ઝાડાની માંદગી ગંભીર ન થાય
તે માટે બાળકને ખાંડ-
મીઠાનું શરબત પીવડાવો.
ખાંડમીઠાનું શરબત
કઇ રીતે બનાવશો ?
એક શેરીયા લોટામાં પીવાનું પાણીલો,
તેમાં (ચાર આંગળીની) બે મુઠી ખાંડ
અને(ત્રણ આંગળીની) બે ચપટી મીઠું
નાખી હલાવો. બાળકને દિવસ દરમ્યાન
વારંવાર ખાંડમીઠાનું શરબત
પીવડાવો. ઓછામાં ઓછા
૬-૭ ગ્લાસ પીવડાવો.







ખાંડ મીઠાનું શરબત શરીરમાંથી ઝાડા
વાટે વહી જતાં પાણી અને ક્ષારની ખોટ પૂરી પાડે છે.